## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના સાહેબ, થર્ટી ફર્સ્ટનો દારૂ નથી પીધો... ઠંડીને કારણે નહાતો નથી ને એની વાસ હશે....

# સચિવાલયમાં હાજરી પર એલટીસીનું ગ્રહણ

## ચાર વર્ષનો એલટીસીનો બ્લોક પુરો થતો હોવાથી લાભ લેવામાં બાકી અધિકારીઓને નાતાલ વેકેશનનો ઉપયોગ કર્યો એક એક અધિકારી પાસે ત્રણ ત્રણ ચાર્જ હોવાથી એક અધિકારીના એલટીસીથી ત્રણ ઓફિસો સુની બની

ગાંધીનગર, તા. ૨

નૂતન વર્ષ ૨૦૨૦નો પ્રારંભ થઈ ચુક્યો છે અને ૨૦૧૯ના વર્ષે વિદાય લેતા લેતા સૂર્યને પણ ગ્રહણ લગાડી દીધુ હતુ. જો કે આ ગ્રહણ તો ઘડીકમાં ઓસરી ગયું પરંતુ રાજ્યના પાટનગર ગાંધીનગર સ્થિત વહીવટીતંત્રની કચેરીઓમાં છેલ્લાં કેટલાંક દિવસોથી અધિકારીઓની ઓછી હાજરીનું ''ગ્રહણ'' લાગેલું છે જે જે વર્ષ ૨૦૨૦ના પ્રારંભે પણ હજુ ઓસર્યુ નથી. તપાસ કરતા જાણવા મળ્યું છે કે આ ગ્રહણ ''એલટીસી'' થકી લાગ્યું છે એટલે તેને ઉતરતા જરા દેર લગેગી..!!!

ગાંધીનગરના નવા-જૂના સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં અધિકારી વર્ગની હાજરી ડિસેમ્બરના અંતિમ સપ્તાહથી ઓછી જોવા મળી રહી છે જેનું મુખ્ય કારણ સરકારી કર્મચારીઓને મળતા ''લીવ ટ્રાવેલ કન્શેશન'' એટલે કે રજા પ્રવાસ રાહત જેને ટૂંકમાં એલટીસી તરીકે ઓળખવામાં આવે છે તે છે. સરકાર દ્વારા સરકારી કર્મચારીઓને રજા પ્રવાસ રાહત યોજના હેઠળ દર ચાર વર્ષના બ્લોકમાં એકવાર ''દસ'', જીહાં, પુરા દસ દિવસ માટે રજાના પગાર સાથે જે તે વર્ગના કર્મચારીને તેના હોદ્દા મુજબ કોઈપણ એક પ્રવાસના સ્થળે આવવા જવાનું ભાડુ ચુકવે છે. આ યોજના અનુસાર હાલ એલટીસી માટે ૨૦૧૬ થી ૨૦૧૯ના ચાર વર્ષનો બ્લોક ચાલુ હતો જે આમ તો ૩૧મી ડિસેમ્બરે પુરો થવો જોઈએ પરંતુ આ યોજનાના અન્ય એક ઠરાવ મુજબ જ્યાં સુધી સરકાર નવા બ્લોકની જાહેરાત ના કરે ત્યાં સુધીમાં ચાર વર્ષનો બ્લોક વધુ એક વર્ષ માટે ખેંચાયેલો રહે છે એટલે કે હાલનો ૨૦૧૬-૧૯નો બ્લોક તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ સુધી ચાલશે. જો બ્લોકના અંત સુધીમાં કર્મચારી એલટીસીનો લાભ નથી લેતો મતલબ કે પ્રવાસ રજા પર ના જાય તો તે લાભ જતો કરવો પડે છે. આ કારણે ચાર વર્ષનો બ્લોક તેના અંતિમ ચરણમાં હોવાથી પારિવારિક પ્રવાસના આયોજનમાં બાકી રહી ગયેલા અધિકારી-કર્મચારીઓ આ લાભ જતો કરવાને બદલે નાતાલના વેકેશનનો ઉપયોગ કરી પ્રવાસે ઉપડી ગયા હોવાથી કચેરીઓમાં તેમની હાજરીની ઘટ પડી રહી છે. એલટીસીમાં કર્મચારીને તેમના જીવનસાથી તથા ૨૫ વર્ષ સુધીના બે આશ્રિત બાળકો સહિત ચાર વ્યક્તિનો બસ, રેલવે કે વિમાનભાડાનું ભથ્થું જે કર્મચારીના હોદ્દા મુજબ લાગુ પડતુ હોય તે તથા ૧૦ દિવસની રજાનો પગાર ચુકવવામાં આવે છે. એલટીસી લેનારે પ્રવાસમાં રહેવા જમવાના કે અન્ય ખર્ચ જાતે ભોગવવાનો હોય છે પરંતુ જે લાભ મળી રહ્યો છે તે ગુમાવવો ના પડે તેથી અત્યારે ઘણા બધા કર્મચારીઓ-અધિકારીઓ એલટીસીની રજા પર ઉતરેલા છે. એક તરફ ઓલરેડી સરકારમાં અધિકારીઓ-કર્મચારીઓની ઘટ છે અને એક એક અધિકારી પાસે બે થી ત્રણ ઓફિસના ચાર્જ હોવાથી એક અધિકારીની એલટીસી રજા ત્રણ-ત્રણ ઓફિસને સુની બનાવી રહી છે.

# મીના બજારમાં ૬ ગલ્લાનાં તાળાં તૂટ્યાં

## તસ્કરો ૪૦ પેન્ટ-શર્ટ, ટી-શર્ટ સહિત બૂટ-ચપ્પલ પણ ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. શહેરમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રાત્રીના અંધકારમાં ગાયબ થઈ જાય છે. ઘરના તાળા તોડી ચોરી કરતા શખ્સો લારી-ગલ્લાને પણ બક્ષતા નથી. શહેરના મીના બજારમાં એક સાથે ૬ ગલ્લાના તાળા તુટતા વેપારી આલમમાં ચકચાર મચી જવા પામી છે. ચોર ઈસમોએ ગલ્લાના તાળા તોડીને તેમા રહેલા રૂ.૫૦ હજારના કપડા, બુટ-ચંપલ સહિત ઘર ઉપયોગી ચીજવસ્તુઓની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે વેપારીએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે



બનાવની પ્રાપ્ત માહિતી મુજબ સચિવાલય મીના બજાર ખાતે વર્ષોથી રેડીમેડ કપડાના વેપાર સાથે સંકળાયેલા વેપારી રાજુ રાણા બોરીજ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. રાજુ રાણા પોતાના ગલ્લો નિયત સમયે બંધ કરીને ઘરે ગયા હતા અને બીજા દિવસે સવારે ૧૦ વાગે પરત આવ્યા હતા. તે સમયે ગલ્લાનું તાળુ તુટેલુ હતું અને પતરુ પણ કાપી નાંખેલી હાલતમાં હતું. જયારે ગલ્લામાં રાખવામાં આવેલા રેડીમેડ કપડામાંથી ૪૦ પેન્ટ અને ૪૦ શર્ટ સહિત ટી-શર્ટ પણ મોટીમાત્રામાં ગાયબ હતી. ચોર ઈસમો અંદાજીત રૂ.૫૦ હજારનો માલ ચોરી કરી ફરાર થઈ ગયા છે. એક સાથે આટલી મોટીમાત્રામાં ગલ્લામાંથી ચોરી થતા વેપારી આર્થિક રીતે પાયમાલ થઈ ગયો છે. આ ઉપરાત ફરીયાદી રાજુ રાણાની બાજુમાં આવેલા પ્રવિણભાઈ સવાભાઈ રાઠોડ અને હેમંતભાઈ અર્જુનભાઈ રાવળના ગલ્લા સહિત અન્ય ત્રણ જેટલા ગલ્લામાંથી બુટ-ચંપલ સહિત ઘર ઉપયોગી ચીજવસ્તુઓની ચોરી થવા પામી છે. એક સાથે ૬ ગલ્લાના તાળા તુટતા અને ચોરી થતા વેપારીઓમાં ભયનો માહોલ છવાયો છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે વેપારીએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# કચરાના વ્યવસ્થાપનમાં તંત્રની ધરાર બેદરકારી



અનેક પ્રયત્નો છતાં ગાંધીનગરમાં કચરાનું વ્યવસ્થાપન થતુ નથી. જ્યાં ત્યાં પડી રહેતો કચરો ગાંધીનગરને ગંદકીથી ખદબદતુ બનાવે છે. ગ-૨ સર્કલ પાસે ગાયત્રી હોસ્પિટલ નજીક કચરો માર્ગ પર જ નાંખવામાં આવે છે. નજીકમાં જ કચરાપેટી હોવા છતાં કચરાનું વ્યવસ્થાપન થતું નથી.

# વ્યાજના રૂપિયા બાબતે યુવકને માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદ

## સે. ૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે રહેતા યુવાને વ્યાજે લીધેલા રૂપીયાની ઉઘરાણીમાં માર મારવામાં આવ્યો છે. સેકટર-૭ ખાતે ઉઘરાણી કરનાર શખ્સે કારમાંથી ધોકો કાઢી માર માર્યો હોવાનો ફરીયાદીએ જણાવ્યું છે.બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

બનાવની શહેરના સેકટર-૨૯ ખાતે રહેતા દર્પણ ધીરજલાલ ધોળકીયા (ઉં.વ.૩૫) ટીફીન સર્વિસનો વ્યવસાય કરે છે. આજથી દોઢ વર્ષ પહેલા તેમણે પોતાના બે ટ્વીનસ બાળકોના જન્મ સમયે સે-૨ માં રહેતા દશરથ દેસાઈ પાસેથી રૂ. ૩ લાખ લીધા હતા. જેમાં રૂ.૫૦ હજાર રૂપીયા પરત આપ્યા હતા અને બાકીના અઢી લાખ માટે દશરથભાઈએ ફરીયાદીના માતા સામે કોર્ટમાં કેસ કર્યો છે. સાડા અગીયાર વાગ્યાના અરસામાં ફરીયાદી પોતાનું એકટીવા લઈને ઈન્ફોસીટી તેમજ સરગાસણ ખાતે ટીફીન આપીને પરત ફરતા હતા. તે સમયે ચ-૨ સર્કલ પાસે તેમની પાછળથી વર્ના કાર લઈને આવેલા દશરથભાઈએ એકટીવા સાઈડમાં ઉભુ રખાવ્યું હતું. દશરથભાઈએ પોતાના બાકી રહેલા રૂ.અઢીલાખની ઉઘરાણી કરતા ફરીયાદીએ કોર્ટ કેસ ચાલી રહ્યો છે મારે કોઈ ચર્ચા કરવી નથી તેમ દશરથભાઈને કહ્યું હતું. ત્યારબાદ કારમાંથી ધોકો કાઢીને ફરીયાદીને માર માર્યો હતો. આ દરમિયાન ફરીયાદીએ તેની માતાને કોલ કરતા દશરથભાઈએ તેમની સાથે પણ અપશબ્દોમાં વાતચીત કરી હતી. માર્ગ વચાળે બંન્ને યુવાનો ઝઘડતા નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. દશરથભાઈ દેસાઈએ જાનથી મારી નાંખવાની ધમકી આપતા દર્પણ ધોળકીયાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ કરી છે.



ગુરૂવારે પોર ગામ, ગાંધીનગર સ્થિત પોર પ્રાથમિક શાળા સંકુલમાં સર્પ આવતા બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના બ્રાન્ચ મેનેજર તથા શહેર વસાહત મહામંડળના સક્રિય સભ્ય પ્રદિપ સોલંકી દ્વારા ઝેરી સાપ (ખડચિતળો)નું રેસ્ક્યુ કરી જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

# રાજ્યમાં ૭ થી ૧૪ જાન્યુઆરી સુધી પતંગોત્સવ ઉજવાશે

## અમદાવાદ-રિવરફ્રન્ટ ખાતે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨

આગામી ૭ મી જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી દરમ્યાન રાજ્યમાં ૧૦ સ્થળોએ આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની ઉજવણી કરાશે.

આ પતંગોત્સવની ઉજવણીને લઈ તેની તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે. અમદાવાદ ખાતે વલ્લભસદન નજીકના રિવરફ્રન્ટ પર આ પતંગોત્સવને ખુલ્લો મુકવામાં આવશે.

રાજ્યના રાજ્યપાલશ્રી દ્વારા આ પતંગોત્સવ ખુલ્લો મુકાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રવાસન મંત્રી જવાહર ચાવડા તથા મંત્રી વાસણભાઈ આહિર ખાસ ઉપસ્થિત રહેશે.

મળતી વિગતો પ્રમાણે અમદાવાદ ખાતે પતંગ મહોત્સવની સાથે સાથે ગીત સંગીતના સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. એટલુ જ નહિ થીમ એઝડ સ્ટોલ્સ પણ પ્રદર્શનરૂપે ઉભા કરવામાં આવનાર છે.

૭મી રાત્રે રેટ્રો ટુ મેટ્રોની થીમ પર ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ, ૮ મીએ પરંપરાગત નૃત્યો, ૯ મીએ દેવાંગ પટેલ સાથે ફિલ્મી ટ્યુન્સનો કાર્યક્રમ, ૧૦ મીએ ઓડિયો-વિઝ્યુઅલ કલ્ચરલ ડાન્સનો કાર્યક્રમ, ૧૧ મીએ મ્યુઝિકલ મસ્તી શ્યામલ સૌમિલ મુન્શી દ્વારા, ૧૨ મીએ ગુજરાતી ગુલાલ અને ૧૩ મીએ રઝલ-ડઝલ પાર્થિવ ગોહિલ સાથેના કાર્યક્રમોનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યુ છે.

૭ મીએ અમદાવાદમાં પતંગોત્સવના ઉદ્ઘાટન પછી ૮ મીએ વડોદરા અને રાજકોટ ખાતે, ૯ મીએ કેવડિયા અને પોરબંદર ખાતે, ૧૦ મીએ સુરત અને જામકંડોરણા ખાતે, ૧૧ મીએ સાપુતારા તેમજ ઘોરડો ખાતે ૧૨ મીએ મહેસાણા ખાતે પતંગોત્સવ ઉજવવામાં આવશે.

# આજથી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

## એસ જી હાઈવે પર સ્થિત સરદાર ધામમાં સરદાર પટેલની ૫૦ ફુટ ઉંચી પ્રતિમાનુ અનાવરણ કરાશે : ગાંધીનગર હૅલિપેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે સમિટનુ ઉદઘાટન કરાશે : પ્રદર્શકો ૧ હજાર ફુટ લાંબી રીબીન કાપી ગ્લોબલ સમિટની શરૂઆત કરાશે : ગ્લોબલ બિઝનેસ સમિટ દરમિયાન પાટીદાર રત્ન એવોર્ડ પણ એનાયત કરાશે કુમાર વિશ્વાસ અને ચેતન ભગત રસપ્રદ વ્યાખ્યાન આપશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં આજે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૦ નો પ્રારંભ થશે. મુખ્યમંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રીના હસ્તે આ સમિટનુ આજે સવારે ૯:૩૦ કલાકે હેલીપેડ મેદાન ખાતે ઉદઘાટન કરાશે. આ તબક્કે ૧૦ હજારથી વધુ પાટીદાર ઉદ્યોગપતિ હાજરી આપશે જયારે ત્રિદિવસીય આ સમિટ દરમિયાન અંદાજિત ૭ લાખ મુલાકાતીઓ આવશે સમિટ દરમિયાન કુમાર વિશ્વાસ તેમજ ચેતન ભગત સહીતના મહાનુભાવો પોતાના વિચારો રજુ કરવા વ્યાખ્યાન પણ આપશે

સરદાર ધામના ઉપક્રમે ગાંધીનગના હેલીપેડ મેદાન ખાતે આજે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનુ ઉદઘાટન થશે. તા ૩ થી ૫ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ સમિટનુ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે સવારે ૧૦ કલાકે એકઝીબીશન સેન્ટરના હોલ નં -૫ ખાતે ઉદઘાટન કરવામાં આવશે. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના ઉદઘાટન પ્રસંગે ૧ હજાર જેટલા પ્રદર્શકો ૧ હજાર ફુટ લાંબી રીબીન કાપીને અનોખી અને ભવ્ય રીતે સમિટની શરૂઆત કરવામાં આવશે. આ ગ્લોબલ સમિટમાં ૧૦ હજારથી વધુ પાટીદાર ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે. જયારે ૧ હજારથી વધુ સ્ટોલ્સ રહેશે. ગત વર્ષ દરમિયાન આ પ્રકારની સમિટમાં ૩ લાખ ૨૬ હજાર મુલાકાતીઓ આવ્યા હતા જયારે આ વર્ષે ૭ લાખથી વધુ મુલાકાતીઓ આવશે. સરદાર ધામના પ્રમુખ ગગજીભાઈ સુતરીયા ,જસવંતભાઈ પટેલ અને પરેશભાઈ ગજેરાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટની મુખ્ય ત્રણ વિશેષતા છે. જેમાં ગત વર્ષ કરતા આ સમિટ સાત ગણી મોટી છે. જયારે સર્વ સમાજ માટે આ સમિટ ખુલ્લી મુકાશે. તેમજ એગ્રીકલ્ચર, ડેરીઉદ્યોગ અને બહેનો માટે સ્ટોલ્સને અનુલક્ષી ૫૦ ટકાનુ વળતર પણ આપવામાં આવ્યુ છે. સામાજિક સમરસતાના ભાવ સાથે યોજાનારી આ સમિટ અંગે તેમણે વધુ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સમિટના પ્રારંભ




પુર્વે સવારે ૮:૩૦ કલાકે એસ જી હાઈવે પર સ્થિત સરદારધામ ખાતે અખંડ ભારતના નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલની ૫૦ ફુટની અને ૧૭ હજાર કિલોગ્રામ વજન ધરાવતી કાંસ્ય પ્રતિમાનુ અનાવરણ પણ કરાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ તેમજ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા તેમજ સરદાર ધામના ટ્રસ્ટીઓ અને પ્રતિમાના દાતા રણછોડભાઈ જોઈતારામ પટેલની હાજરીમાં અનાવરણ વિધિ યોજવામાં આવશે. પ્રતિમાના અનાવરણ બાદ સવારે ૯ :૩૦ કલાકે હેલિપેડ મેદાન ખાતે સમિટનુ ઉદઘાટન કરવામાં આવશે. જેમાં દેશ વિદેશના બિઝનેસમેન , સરદાર ધામના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેશે આ તબક્કે દિકરી સ્વાલંબન યોજનાનો પણ શુભારંભ કરવામાં આવશે. જયારે સમિટના પ્રથમ દિવસે બીજા તબક્કામાં બપોરે ૧ :૩૦ કલાકે બિઝનેસ કોચ વિવેક બિન્દ્રાનુ વ્યાખ્યાન યોજાશે. આ ઉપરાંત જયંતિભાઈ પટેલ, ગોવિંદભાઈ ધોળકીયા દ્વારા પણ પણ વકતવ્ય રજુ થશે. ત્યારબાદ કુમાર વિશ્વાસપણ પોતાના વિચારો રજુ કરશે. આ ઉપરાંત સવજીભાઈ ધોળકીયા, જય વસાવડા પણ પણ વકતા તરીકે ઉપસ્થિત રહેશે. કાઝલ ઓઝા પણ સ્ત્રીસશકિતકરણ અંગે વિચારો રજુ કરશે.સાંજના સમયે પાટીદાર ઉદ્યોગ રત્ન એવાર્ડ પણ અપાશે. સમિટના બીજા દિવસે સવારે ૧૦ વાગે ચેતન ભગત ત્યારબાદ ટેકસ કન્સલટન્ટ મુકેશ પટેલ પણ પોતાના વિચારો રજુ કરશે. જયારે આખરી સેશનમાં ગોપાલ સુતરિયા અને પદ્મશ્રી મથુરભાઈ સવાણી પણ વકતા તરીકે હાજરી આપશે. સરદારધામના પ્રમુખ ગગજીભાઈએ વધુમાં જણાંવ્યુ હતુ કે સમાજના નાના મધ્યમ અને મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણને પ્રોત્સાહન આપવાના આશયથી આ સમિટ યોજવામાં આવનાર છે. જયારે સમાજના શિક્ષિત યુવાનોને તાલીમ આપી રોજગારી પુરી પાડવાનો પણ આશય છે.

# ૨૦૧૯માં ફાયર બ્રિગેડને ૧૭૦ જેટલા કોલ મળ્યા

## ફાયર બ્રિગેડે શહેરમાં ૩૦૫ અને જિલ્લામાં ૩૨૫ મળી જિલ્લામાં કુલ ૮૭૬ જેટલા બંદોબસ્ત પણ કર્યા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ફાયર બ્રિગેડ આગ, હોનારત કે બચાવકાર્ય માટે હરહંમેશ દોડાદોડી કરતી નજરે પડે છે. ત્યારે વર્ષ ૨૦૧૯ ના વર્ષમાં ગાંધીનગર ફાયર બ્રિગેડને આગના ૧૭૦ કોલ મળ્યા હતા. જેમાં શહેરમાં ૧૦૦ અને જિલ્લામાં ૭૦ કોલ મળ્યા હતા. ફાયર ટીમને ફાયરના સૌથી વધુ ૧૮ કોલ માર્ચ માસમાં મળ્યા છે, તો સૌથી ઓછા ૩ ફાયરના કોલ નવેમ્બર માસમાં નોંધાયા છે. જયારે ફાયર કોલની સાથે સાથે ૨૩૫ બચાવ કોલ પણ કર્યા છે. જેમાં જિલ્લામાં ૧૬૫ અને અને શહેરમાં ૭૦ બચાવ કોલ એટેન્ડ કર્યા છે. જયારે સૌથી વધુ બચાવ કોલ ૧૧ ઓગસ્ટ માસમાં નોંધાયા છે, તો સૌથી ઓછા ઓકટોબર માસમાં માત્ર ૩ બચાવ કોલ નોંધાયા છે. જયારે જિલ્લામાં મે, જુન અને સપ્ટેમ્બર માસ દરમિયાન બચાવ કોલની સંખ્યા ૧૮ રહેવા પામી છે. તો બીજી તરફ ડિસેમ્બરમાં માત્ર ૮ બચાવ કોલ નોંધાયા છે. આ ઉપરાંત ફાયર બ્રિગેડે શહેરમાં ૩૦૫ અને જિલ્લામાં ૩૨૫ મળી જિલ્લામાં કુલ ૮૭૬ જેટલા બંદોબસ્ત પણ કર્યા છે. તેમા જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં સૌથી વધુ ૧૧૮ બંદોબસ્ત ફાયરની ટીમ દ્વારા કરવામાં આવ્યા છે. ફાયરની ટીમે વિતેલા વર્ષમાં દર બે-ત્રણ દિવસે એક ફાયર કોલ એટેન કરીને દિવસના બેથી વધુ સરેરાશ બંદોબસ્ત કર્યા છે.

| માસ | શહેરમાં ફાયર કોલ | જિલ્લામાં ફાયર કોલ | શહેરમાં બચાવ કોલ | જિલ્લામાં બચાવ કોલ |
|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૫ | ૭ | ૬ | ૧૩ |
| ફેબ્રુઆરી | ૪ | ૩ | ૪ | ૧૧ |
| માર્ચ | ૧૮ | ૪ | ૬ | ૯ |
| એપ્રિલ | ૧૪ | ૮ | ૫ | ૧૨ |
| મે | ૧૧ | ૯ | ૪ | ૧૮ |
| જુન | ૧૧ | ૧૩ | ૬ | ૧૮ |
| જુલાઈ | ૯ | ૩ | ૪ | ૧૪ |
| ઓગષ્ટ | ૫ | ૬ | ૧૧ | ૧૫ |
| સપ્ટેમ્બર | ૬ | ૩ | ૭ | ૧૮ |
| ઓક્ટોબર | ૮ | ૫ | ૩ | ૧૪ |
| નવેમ્બર | ૩ | ૪ | ૧૦ | ૧૫ |
| ડિસેમ્બર | ૬ | ૫ | ૪ | ૮ |
| કુલ બંદોબસ્ત | ૧૦૦ | ૭૦ | ૭૦ | ૧૬૫ |